બંધારણ

મહિલાઓ પર થતા અત્યાચારો રોકવા
અંગે રચવામાં આવેલ રાજ્યકક્ષાની
મહિલા સુરક્ષા સમિતિના બંધારણમાં આંશિક
ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહવિભાગ,
૨,સરદારભવન, ૨જો માળ,
સચિવાલય, ગાંધીનગર,
ઠરાવક્રમાંક: પરચ-૨૯૯૦-૧૮૬૪-ન,
તારીખ:- ૬-૩-૯૧

**વંચાણે લીધા**:- આ વિભાગના સરખા ક્રમાંક:એમએઆઈએસ-૨૯૮૪-૮૦-ડ ના તારીખ:- ૨૦-૪-૮૭ ,૨૫-૫-૮૭, ૧૫-૭-૮૭, ૬-૧૧-૮૭, ૧૦-૧૨-૮૭, ૨૩-૩-૮૮, ૬-૧૨-૮૮, ૨૩-૬-૮૯ ના ઠરાવો.

**ઠરાવ :-**

સંદર્ભ હેઠળના તા.૨૦-૪-૮૭ તથા તા.૬-૧૧-૮૭ ના ઠરાવોથી બહેનો સામેના અત્યાચારો રોકવા માટેની રાજ્યકક્ષાની સમિતિ નિમવાનું તેમજ સમિતિનું બંધારણ ઠરાવવામાં આવેલ છે. આ સમિતિમાં બીનસરકારી સદસ્યોનું પુરતા પ્રમાણમાં પ્રતિનિધિત્વ રહે, અને અસરકારક કાર્યાન્વિત થાય તે સારૂ તેના બંધારણમાં જરુરી ફેરફારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઉપરોકત તા.૨૦-૪-૮૭ તથા તા.૬-૧૧-૮૭ ના ઠરાવોથી ઠરાવેલ બંધારણમાં આંશિક ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબનું બંધારણ ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧: | માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) | અધ્યક્ષ |
| ૨: | રાજ્યમંત્રી મંડળના મહિલા સભ્યો | સભ્ય |
| ૩: | રાજ્યમાંથી ચુંટાયેલ મહિલા સંસદસભ્યો | સભ્ય |
| ૪: | ત્રણ/ચાર મહિલા ધારાસભ્યો (સરકાર નક્કી કરે તે પ્રમાણે) | સભ્ય |
| ૫: | અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) | સભ્ય |
| ૬: | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી. | સભ્ય |
| ૭: | ૩૦ બીન સરકારી સભ્યો (મહિલા કાર્યકરો) | સભ્ય |
| ૮: | હોદ્દાની રુએ નિમાયેલા સભ્યો | સભ્ય |
| ૯: | વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી,સીઆઈડી (ગુન્હા અને રેલ્વે) | સભ્યસચિવ, |

...૨..

( રમણ મકેરિયા )
ઉપસચિવ
ગૃહવિભાગ.

બિનસરકારી સભ્યોની નિમણુંક તેમજ તે પૈકી કોઈ એકની સમિતિના ઉપાધ્યક્ષ તરીકેની નિમણુંક સરકાર કરશે.

સમિતિના બીન સરકારી સભ્યોનો દરજ્જો વર્ગ-૧ ના દરજ્જાનો ગણાશે અને તેમના તેમજ સંસદસભ્ય અને ધારાસભ્યશ્રીઓના મુસાફરી ભથ્થાના દાવા સમિતિના સભ્ય સચિવ મંજુર કરશે.

સમિતિની બે બેઠકો વચ્ચેનો સમયગાળો વધુમાં વધુ ૩ (ત્રણ) માસ રહેશે.

સમિતિના સભ્ય/સભ્યો સતત ૩ (ત્રણ) બેઠકમાં ગેરહાજર રહેનાર આપોઆપ સભ્યપદ ગુમાવશે.

સમિતિની મુદત બે વર્ષ માટે રહેશે અને તેની રચના થયા તારીખથી અમલમાં આવશે.

આ સમિતિ અંગેનુ ખર્ચ સદર ૨૦૫૫-હેઠળ ઉધારવાનું રહેશે,

આ ઠરાવ નાણા સલાહકારશ્રીની સમાન ક્રમાંકની ફાઈલ પર તા.૬-૩-૯૧ ની નોંધથી થયેલ સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(પી.ઓ.પાંડે)

સંયુક્ત સચિવ,

ગૃહવિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
નિયામકશ્રી, અને વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, લાંચ રુશ્વત વિરોધી કાર્યાલય ગુજરાત રાજ્ય, અમદાવાદ.
વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી ,સીઆઈડી(આઈ.બી.)ગુજરાત રાજ્ય, અમદાવાદ.
વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સીઆઈડી( ગુના અને રેલ્વે) અમદાવાદ.
વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી,સીઆઈડી(હથિયારી એકમ) અમદાવાદ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ,
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ//પોલીસ અધિકારીશ્રી, પશ્ચિમ રેલ્વે,વડોદરા
તમામ અંગત સચિવશ્રી, તમામ મંત્રીશ્રી// તમામ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી,
તમામ અંગત મદદનીશ, તમામ નાયબ મંત્રીશ્રી/ સંસદીય સચિવશ્રી,
સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
નિયામકશ્રી, સમાજ સુરક્ષા; ગુજરાત રાજ્ય, અમદાવાદ.
ચેરમેનશ્રી, ગુજરાત સમાજ કલ્યાણ ,સલાહકાર બોર્ડ// એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ// ગૃહવિભાગની સર્વે શાખાઓ,// નાણાં વિભાગ-જ, ક શાખા // સર્વે સ્ત્રી ધારાસભ્યશ્રીઓ// તમામ બીન સરકારી સભ્યો/(આ સમિતિના)
સચિવશ્રી, ગુ.વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર // સીલેક્ટ ફાઈલ
વળવી:.

( રમણ પ્રજાપતિ )

ઉપસચિવ

ગૃહવિભાગ.